ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:- 2314/04/2024** **તા.09/04/2024**

## આજરોજ નવસારી ખાતે માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં બૂથ પ્રમુખ કાર્યકર્તા સંમેલન યોજાયું.

---

## 22 લોકસભામાં અલગ અલગ બૂથ પ્રમુખો અને આગેવાનો સાથે મિટિંગ કરી પરંતુ નવસારીની વાત કઈક અલગ જ છે:- શ્રી સી.આર.પાટીલ

---

## હું પ્રદેશ અધ્યક્ષ બન્યો ત્યારથી આખા ગુજરાતના કાર્યકર્તાઓને કહેતો આવ્યો છું કે રોજ સવારે એક સંકલ્પ કરવો જોઈએ કે, મારો જન્મ જીતવા માટે થયો છે:- શ્રી સી.આર.પાટીલ

---

## નવસારીના મારા કાર્યકર્તાઓ કહે છે કે અમારો જન્મ તો દેશમાં સૌથી વધારે મતોથી જીતવા માટે થયો છે:- શ્રી સી.આર.પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ નવસારી ખાતે માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં બૂથ પ્રમુખ કાર્યકર્તા સંમેલન યોજાયું. આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રી ભૂરાભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું.

માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતાં જણાવ્યુ કે, 22 લોકસભામાં અલગ અલગ બૂથ પ્રમુખો અને આગેવાનો સાથે મિટિંગ કરી પરંતુ નવસારીની વાત કઈક અલગ જ છે. નવસારીનો કાર્યકર્તા એ પહેલા નંબરે રહેવા માટે ટેવાયેલો છે. આમ આદમી પાર્ટીને 2022માં કુલ મળીને 40 લાખ મત મળ્યા, કોંગ્રેસને કુલ મળીને 80 લાખ મત મળ્યા અને ભારતીય જનતા પાર્ટીને કુલ મળીને 1 કરોડ અને 68 લાખ મત મળ્યા કોંગ્રેસ કરતાં ડબલથી પણ વધારે મત મળ્યા. પેજ કમિટીની આપણી સિસ્ટમથી આપણે 156 સુધી પહોંચ્યા છીએ અને આજે આખો દેશ ગુજરાત મોડલ અને નવસારી મોડલને અપનાવીને આ પેજ કમિટીના સભ્ય બનાવીને આગળ વધી રહ્યું છે. હું પ્રદેશ અધ્યક્ષ બન્યો ત્યારથી આખા ગુજરાતના કાર્યકર્તાઓને કહેતો આવ્યો છું કે રોજ સવારે એક સંકલ્પ કરવો જોઈએ કે, મારો જન્મ જીતવા માટે થયો છે. નવસારીના મારા કાર્યકર્તાઓ કહે છે કે અમારો જન્મ તો દેશમાં સૌથી વધારે મતોથી જીતવા માટે થયો છે. આ તમારી તાકાતે સંગઠનની તાકાતને મજબૂત કરી છે અને એટલા માટે અત્યાર સુધીની ચૂંટણીઓમા 90.5 ટકા સીટો જીત્યા છીએ. આ તમારી તાકાતને સમગ્ર દેશે સ્વીકારી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછી નેશનલ ન્યૂઝ પર ગુજરાતના પરિણામો માટેની વાત કરવા માટેનો સમય

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

મળ્યો ત્યારે મારો પહેલો શબ્દ હતો કે, આંખમાં આંશુ દેખાતા નથી પણ હૃદય મારુ રડે છે, અમે 182 વાત કરતાં હતા 156 પર અટક્યાં છીએ પણ આ લોકસભાની ચૂંટણીમાં 26 સીટો પણ આપણને લીડ મળે એના માટેના પ્રયત્નો આપણે સૌએ કરવાના છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની લોકપ્રિયતા હતી, કરેલા કામોનો વણઝાર હતો, લોકોનો વિશ્વાસ હતો, લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે એમની સક્ષમતા હતી અને એના આધારે 156 સીટો જીત્યા તેનો પ્રથમ યશ આદરણીય મોદી સાહેબને જાય છે, બીજો યશ જેમને આખી જિંદગી ગુજરાત ખૂંદયું, ઉમેદવારોની પસંદગીમાં અને વ્યુહરચનામાં જેમનું આપણને માર્ગદર્શન મળ્યું એવા આદરણીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબને જશ જાય છે. ત્રીજો જશ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને જેમને નાનીમોટી બધી ભૂલોને માફ કરીને મત આપ્યા એમને જાય છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આયુષ્યમાન કાર્ડની સેવા આપી અને દેશના 50 કરોડથી વધારે લોકોને આ યોજનાનો લાભ મળે છે. આયુષ્યમાન યોજનામાં કેન્દ્રસરકાર દ્વારા 05 લાખ અને માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકારે 05 લાખનો બીજો વધારો કરી કુલ 10 લાખની સેવા પૂરી પાડી છે. આજે દેશના કોઈપણ ગરીબે ચિંતા કરવાની જરૂર નથી. આદરણીય મોદી સાહેબે દીકરો બનીને ગરીબોને સહાય કરી છે. ખેડૂતો માટેની યોજનાઓ પણ આદરણીય મોદી સાહેબ દ્વારા શરૂ કરવામાં આવી છે અત્યારસુધીની સરકારોએ ખેડૂતોને સીધો લાભ થાય એવી કોઈપણ યોજના બનાવી નહોતી. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે એક પણ વચોટીયાઓને વચ્ચે રાખ્યા વગર સીધો ખેડૂતોને લાભ મળે તેવી વ્યવસ્થા કરી છે. તમે બધાએ પરિણામ આપ્યા છે, હું પ્રદેશમાં અધ્યક્ષની જવાબદારીમાં છું તો તમે પણ પ્રદેશ અધ્યક્ષ છો. 26 માંથી 26 બેઠક જીતવાની છે અને 05 લાખની વધુથી લીડથી જીતીશું એવો મને વિશ્વાસ છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જનકભાઈ બગદાણા, પ્રદેશ મંત્રી શ્રીમતી શીતલબેન સોની, નવસારી જીલ્લા પ્રમુખશ્રી ભૂરાભાઈ શાહ, સુરત શહેર પ્રમુખશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઇ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી આર.સી.પટેલ, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ દેસાઇ, નવસારી લોકસભાના સંયોજકશ્રી અશોકભાઇ ધોરાજીયા, જીલ્લા પ્રભારીશ્રીઓ, જીલ્લા મહામંત્રીશ્રીઓ, પ્રદેશના પદાધિકારીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, બૂથના પ્રમુખો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)